# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
## વર્તુળ કચેરી :: પોરબંદર

જુનું પાવર હાઉસ, ફાયર બ્રીગેડની બાજુમાં, પોરબંદર – ૩૬૦૫૭૫.

sepbr.pgvcl@gebmail.com www.pgvcl.com

CIN: U40102GJ2003SGC042908 Phone: 2240947, Fax: 224095


પોરબંદર વર્તુળ કચેરીના જુનીયર ઇજનેર(આઈ.સી,સ્કોવડ) તથા વર્તુળ કચેરીના અન્ય ઓફિસરો માટે ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાયવર સાથે એક લેટેસ્ટ મોડેલ ધરાવતું ક્લોઝ બોડી વાહન ભાડે રાખવા માટે ઠેકેદારો પાસે થી ઓન-લાઈન ભાવો મંગાવવામાં આવે છે.

**વાહનનો પ્રકાર-મહિન્દ્રા બુલેરો (Power Plus SLX BSV1 )૨૪ કલાક માટે**

**ટેન્ડર અંગેની માંહિતી, ટેન્ડર નોટીસ નંબર-PBRCO-210**

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ટેન્ડરની અંદાજીત રકમ | ૧૫00000.00 |
| ૨ | ટેન્ડરનો સમયગાળો | 0૨ (બે) વર્ષ અથવા ઓર્ડરની નાણાકીય મર્યાદા બનેમાંથી જે વહેલું પુર્ણ થાય તે |
| ૩ | ટેન્ડર ફી ની રકમ (પરત ન મળવા પાત્ર ) | ૧,000.00 + ૧૮0.00 (૧૮ % GST) = ` ૧,૧૮0/- |
| ૪ | ટેન્ડરના બાનાની રકમ (ઈએમડી) | ૧૫000/- |
| ૫ | ટેન્ડર ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા.9.7.2021 ,સમય-૧૭.00 કલાક |
| ૬ | ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ E.M.D. સહીત ટેન્ડર(ટેકનીકલ બીડ ) મોકલવાની છેલ્લી તારીખ અને સમય | તા.16.7.2021 ,સમય-૧૭.00 કલાક |
| ૭ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય (જો શકય હશે તો) | તા.16.7.2021 ,સમય-૧૭.30 કલાક |
| ૮ | ટેન્ડરના પ્રાઈઝ બીડ ઓન લાઈન ખોલવાની તારીખ અને સમય (જો શકય હશે તો) | તા.20.7.2021 ,સમય-૧૭.00 કલાક |
| ૯ | ટેન્ડરની સક્યુરીટી ડીપોઝીટની રકમ ( ટેન્ડર મંજુર થયે ભરવાપાત્ર થતી રક્મ માટે) | ૭૫000/- |

**ઠેકેદારની સહી**

**<u>ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચના</u>**

(૧) ટેન્ડર ફીની રકમ અને બાનાની રકમ (E.M.D.) બેંન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ / બેંકસ ચેક પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, પોરબંદર ના તરફેણમાં મોકલવાના રહેશે.

(૨) ટેન્ડર માત્ર R.P.A.D. Post અથવા Postal Speed Post થી જ મોકલવાના રહેશે. અન્ય રીતથી મોકલેલ ટેન્ડર રદથવા પાત્ર છે. કોઈપણ સંજોગોમાં ભૌતિક સ્વરૂપમાં ઓફર્સ સ્વીકારવામાં આવશે નહીં.

(3) ટેન્ડર કવર ઉપર ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવવાનું ફરજીયાત છે. ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવ્યા વગરના ટેન્ડર રદ થવા પાત્ર છે.

(૪) અધુરી વિગત સાથેનું ટેન્ડર, ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ ( E.M.D. )ના ડીમાંડ ડ્રાફટ વગરનું ટેન્ડર રદ કરવામાં આવશે.

(૫) ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ અને સમય પછીના મળેલ ટેન્ડર રદ કરવામાં આવશે અને આ અંગે કોઈ પણ દલીલ કે લેખિત કે મોખિક રજુઆત માન્ય ગણવામાં આવશે નહી. આવા સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત મળવા પાત્ર નથી ( Non Refundable ).

(૬) ટેન્ડર મંજુર થયેથી દિવસ-૧૫માં ડીપોઝીટની રકમ રૂ ૭૫,૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ / બેંક ગેરેંટી કોઇપણ નેશનલાઈઝડ/ શેડયુલ બેંક (સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરેલ પરીપત્રમાં જણાવેલ નામ મુજબ) કોન્ટ્રાકટના સમયને ધ્યાનમાં લઈ તે દિવસ સુધીના સંપૂર્ણ ગાળાની આપવાની રહેશે. જો કોન્ટ્રાકટનો સમયગાળો વધારવામાં આવે તો તે પ્રમાણે બેંક ગેરેંટી પૂરી થવાના ૧ મહિના અગાઉ રીન્યુ કરી આપવાની રહેશે.

(૭) ડીપોઝીટની રકમ કોન્ટ્રાકટનો સમય પૂરો થયા પછી જ પરત કરવામાં આવશે.

(૮) ડીપોઝીટની રકમ તથા બાનાની રકમ પર કોઇપણ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.

(૯) ટેન્ડરની વેલીડીટીની મુદ્દત ૧૨૦ દીવસની રહેશે.

(૧૦) પીજીવીસીએલ કોઇપણ ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની અબાધિત સત્તા રાખે છે.

(૧૧) **ઠેકેદાર https://pgvcl.nprocure.com or https://www.nprocure.com (for view, download and online submission) અને www.pgvcl.com (for view & download only) વેબસાઇટ પરથી ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરી શકે છે. ઠેકેદારએ Technical bid (જો હોય તો) અને Price Bid સુપરત કરવાની છેલ્લી તારીખ અને સમય સુધી માત્ર n procure વેબસાઇટ પર ઈલેક્ટ્રીકલ ફોરમેટમાં ભરવાની રહેશે.**

(૧૨) ન્યાયક્ષેત્ર પોરબંદર ખાતે રહેશે.

(૧૩) ટેન્ડર તથા શરતોના કાગળોમાં દરેક પેઇઝ પર સહી કરી કવરમાં સીલ બંધ પેક કરી, જરૂરી દસ્તાવેજો સાથે અત્રેની કચેરીને રજીસ્ટર પોસ્ટ એ.ડી. /પોસ્ટલ સ્પીડ પોસ્ટ થી પહોંચાડવાનું રહેશે.

(૧૪) સીલ બંધ કવર ઉપર “ટેન્ડર નંબર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી,પોરબંદર માટે વાહન ભાડે રાખવા માટેનું ટેન્ડર ” લખી નીચેના સરનામે ટેન્ડરમા જણાવેલી તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

(૧૫) ટેન્ડરમાં કરવામાં આવતા કોઈ પણ ફેરફાર કે સુધારા વધારા અંગે આપે પીજીવીસીએલની **વેબસાઇટ www.pgvcl.com** અથવા વર્તુળ કચેરી પોરબંદરનો રૂબરૂ સંપર્ક ઓફીસ સમય દરમિયાન કરવાનો રહેશે. અલગ થી કોઈ જાણ કરવામાં આવશે નહી.

**અધિક્ષક ઇજેનરશ્રીની કચેરી (સ.અને ની)**
**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**
**વર્તુળ કચેરી, જુના પાવર હાઉસની બાજુમાં, રામ ટેકરી રોડ,**
**પોરબંદર-૩૬૦ ૫૭૫**

**<u>ઠેકેદારની સહી</u>**

# **ટેન્ડર રજુ કરવાની અરજી ( શેડયુલ – 'એ ' )**

નામ ....................................................

સરનામુ ....................................................

....................................................

....................................................

પીન કોડ ....................................................

મોબાઈલ નંબર ....................................................

તા ....................................................

પ્રતિ શ્રી અધિક્ષક ઇજનેરશ્રી (ટેક)

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, જુના પાવર હાઉસની બાજુમાં,પીજીવીસીએલ વર્તુળ કચેરી પોરબંદર – ૩૬૦ ૫૭૫.

વિષય : ૨૪ કલાક માટે એક ટેકસી પાસીંગ ડીઝલ ક્લોઝ્ડ બોડી વાહન ડીઝલ અને ડ્રાઈવર સાથે **૦૧ (એક) લેટેસ્ટ મોડેલ** ભાડાની ગાડીનું ટેન્ડર નં------------ સ્વીકારવા બાબત.

જય ભારત સાથ જણાવવાનુ કે ઉપરોકત સરનામે રહું છુ. અને આપની કચેરી દ્વારા માંગવામાં આવેલ ગાડી ભાડે આપવા માંગુ છું. આ સાથે નીચે મુજબના દસ્તાવેજો બીડેલ છે.

--- ટેન્ડર ભરનારના નામનાં ટેક્ષી પાસીંગ વાહનની આર.સી. બુકની નકલ, વીમાંની નકલ, PUC અથવા નવા વાહન ખરીદવાનું કોટેશન.

--- ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ રજીસેશન ની નકલ અથવા બાહેધરી પત્ર

--- ટેન્ડર ફી ભર્યા નો ડીમાન્ડ ડ્રાફ્ટ : બેંક ........................ ડ્રાફટ / રસીદ નંબર ...................... તા ................... --- ઈ.એમ.ડી. ભર્યા નો ડીમાન્ડ ડ્રાફટ : બેંક ..................... ડ્રાફટ / રસીદ નંબર ...................... તા ...................

આ ઉપરાંત અમો બાહેંધરી આપીએ છીએ કે અમો જીયુવીએનએલ અને તેની કોઈપણ પેટા કંપની દ્વારા સ્ટોપ ડીલ/ બલેક લીસ્ટ થયેલ નથી. ટેન્ડર મંજુર થશે તો દિવસ-30માં ટેન્ડરની શરતોને આધીન નવી ભાડાની ગાડી આપવાની બાહેધરી આપુ છુ, જો એમ કરવામાં નિષ્ફળ જાવ તો મારી EMDની રકમ જપ્ત કરી, Stop Deal / Black List પણ કરી શકાય છે. ટેન્ડરની કોમર્શીયલ ટર્મ અને કંડીશન (શેડયુલ – 'સી) ની શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકરતા રહેશે. ઉપરોકત બાબતો ધ્યાને લઈ મારું ટેન્ડર સ્વીકારવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાશું

.............................................

: **ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ નું બાહેધરી પત્ર** :

આથી હું નીચે સહી કરનાર ........................................................................... ધર્મે .......... ઉ.વ. આશરે ....... વર્તુળ કચેરી ખાતે ટેકસી પાસીંગ જીપનું ટેન્ડર માંગેલ છે. જેમાં ગુડસ એન્ડ સવિસ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ માંગેલ છે. પરતું ગુડસ એન્ડ સવિસ ટેક્ષનાં નિયમોને આધિન મારે ગુડસ એન્ડ સવિસ ટેક્ષનું રજીસ્ટ્રેશન લાગુ પડતું નથી. અને જો ભવિષ્યમાં લાગુ પડશે તો રજીસ્ટ્રેશન કરાવી લઇશ તેવી બાહેધરી આપું છું. અને આ અંગેની તમામ જવાબદારી મારી રહશે.

આપનો વિશ્વાશું

.............................................

**ઠેકેદારની સહી**

# <u>ભાવ પત્રક : શેડયુલ– ‘બી ’</u>

પોરબંદર,વર્તુળ કચેરીના જુનીયર ઇજનેર(આઈ.સી,સ્કોવડ) તથા અન્ય ઓફિસરો માટે ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાયવર સાથે એક લેટેસ્ટ મોડેલ ધરાવતું ટેકસી પાસીંગ,ક્લોઝ્ડ બોડી, ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે **<u>૦૧ (એક) લેટેસ્ટ મોડેલ ધરાવતું વાહન</u>** ભાડે રાખવા બાબત.

## <u>નિવિદા નંબર:PBRCO-210</u>

| ક્રમાંક | કામની વિગત | ભાવ પ્રતિ એક ગાડી માટે રૂ.=પૈસા |
|---|---|---|
| **(૧)** | પોરબંદર શહેર અથવા ગુજરાત રાજયમાં જરૂરીયાત મુજબ ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાની મુસાફરીનું માંસીક ભાડું | **ક્રમાંક નંબર ૦૧ ના ભાવો ઓનલાઈન જ ભરવાના રહેશે. મેન્યુઅલ ભરેલ ભાવો માન્ય ગણવામાં આવશે નહી .** |
| **(૨)** | માસીક ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાથી વધારે મુસાફરી માટેનું કિલોમીટર દીઠ ભાડું. | **ક્રમાંક નંબર ૦૨ ના ભાવો ઓનલાઈન જ ભરવાના રહેશે. મેન્યુઅલ ભરેલ ભાવો માન્ય ગણવામાં આવશે નહી .** |

<u>નોંધ</u>:

1) **ક્રમાંક નંબર ૦૧ અને ૦૨ ના ભાવો ઓનલાઈન જ ભરવાના રહેશે. મેન્યુઅલ ભરેલ ભાવો માન્ય ગણવામાં આવશે નહી .**
2) કંપનીનો માન્ય ભાવ, ડીઝલનાં રૂ, ૭૩.૦૦ પ્રતિ લીટરના ભાવ અનુસારના છે. ડીઝલનાં ભાવમાં વધારા/ ઘટાડા ની રકમ નાં ૮ % લેખે પ્રતિ કિમી વધારાના ચુકવવા/વસુલવામાં આવશે.
3) નાઈટ હોલ્ટનાં અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહી.
4) શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહી.
5) ઓર્ડરની સમયમર્યાદા ૨૪ (ચોવીસ) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલુ પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

<u>વાહન ભાડે આપનાર કોન્ટ્રાકટર દ્વારા નીચે મુજબના જરૂરી ડોક્યુમેન્ટસ પુરા પડવાના રહેશે</u>

(૧)વાહનના આર.સી બુકની નકલ (૨) વાહનના વિમાની પોલીસીની નકલ (૩) વાહનના ડ્રાયવરના લાયસન્સની નકલ (૪)કોન્ટ્રાકટરના પાનકાર્ડની નકલ (૫)પી.એફના ડોક્યુમેન્ટસ(જો લાગુ પડતા હોય તો) (૬) કોન્ટ્રાકટરના જીએસટી નંબરની નકલ(જો લાગુ ન પડતા હોય તો જીએસટી લાગુ નથી પડતો નથી તેનું નોટોરાઈઝડ ઓરીજીનલ એફીડેવીટ આપવાનું રહેશે ) (૭)વાહનનું ફિટનેસની નકલ.(૮)કોન્ટ્રાક્ટ કેરેજ પરમીટ (૯)ડ્રાયવરના ફિટનેસ અંગેનું ડોક્ટરનું સર્ટીફીકેટ(૧૦)વાહનનું પીયુસી સર્ટીફીકેટ

**<u>ઠેકેદારની સહી</u>**

| | | |
|---|---|---|
| PGVCL | પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ<br>વર્તુળ કચેરી :: પોરબંદર | 150 YEARS OF CELEBRATING THE MAHATMA |
| | જુનું પાવર હાઉસ, ફાયર બ્રીગેડની બાજુમાં, પોરબંદર – ૩૬૦૫૭૫.<br>sepbr.pgvcl@gebmail.com www.pgvcl.com | |
| | CIN: U40102GJ2003SGC042908 Phone: 2240947, Fax: 2240952 | |

## નિવિદા નંબર : PBRCO-210

## કોમર્શીયલ ટર્મ અને કંડીશન ( શેડયુલ –'સી )

પોરબંદર,વર્તુળ કચેરીના જુનીયર ઇજનેર(આઈ.સી,સ્કવોડ) તથા અન્ય ઓફિસરો માટે ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાયવર સાથે એક લેટેસ્ટ મોડેલ ધરાવતું ટેકસી પાસીંગ,ક્લોઝ્ડ બોડી, ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે **૦૧ (એક) લેટેસ્ટ મોડેલ ધરાવતું વાહન** ભાડે રાખવા બાબત.

વાહનનો પ્રકાર-મહિન્દ્રા બુલેરો (Power Plus SLX BSVI )૨૪ કલાક માટે

1 ઓર્ડરની સમયમર્યાદા ૨૪(ચોવીસ) માસની અથવા તો ઓડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલુ પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

2 પીજીવીસીએલ અને એજન્સીની સંમતિથી (મૂળ વર્ક ઓડરના ભાવ અને શરતો ને આધીન) વર્ક ઓડર વાહનનાં મોડલની પાંચ વર્ષની મર્યાદામાં રહીને વધુમાં વધુ ૫ વર્ષ સુધી લંબાવવામાં આવશે.

3 ભાડે આપેલ વાહનનું આર.ટી.ઓ.માં ટેક્ષી પાસીંગ તરીકે પબ્લિક વપરાશ માટે ટેક્ષી કવોટામાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જરૂરી છે. એ સીવાયનુ કોઇપણ પાસીંગ માન્ય નહી ગણાય. આ બધા ઓરીજીનલ દસ્તાવેજો વાહનની સાથે રાખવાના રહેશે. જે વાહનના ભાવ તથા પેપર્સ આપેલ હશે તેજ વાહન આપવાનુ રહેશે.

૪ વાહનનો વીમો, પોલ્યુશન કંટ્રોલ સટીફીકેટ, આર.ટી.ઓ., ટેક્ષી પાસીંગ, પીયુસી, પ્રોવીડન્ડ ફંડની નકલ, ગુડસ & સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન, લાયસન્સ, ગાડીનું ફીટનેશ સટીફીકેટ, અંગેની તેમજ તમામ પ્રકારની સરકારી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાક્ટની એટલે કે વાહન ભાડે આપનારની રહેશે.

૫ વાહનમાં આર.ટી.ઓ. પાસીંગ પ્રમાણેની સીટીંગ કેપેસીટીનો વાહનમાં બેસનારનો સંપૂણપણે વિમો કવર થાય તે મુજબ "કોમ્પ્રેહેન્સીવ " વિમાની પોલિસી લેવાની રહેશે. તેની પ્રમાણીત કોપી એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાની રહેશે. પોલિસીની મુદત કોન્ટ્રાકટ સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનારની રહેશે. જેની નકલ તુરતજ રજુ કરવાની રહેશે.

૬ મુસાફરી દરમ્યાન વાહનને કે તેમાં બેઠેલા પીજીવીસીએલના સ્ટાફને કે ત્રાહિત હિતને નુકશાનકર્તા કોઈપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થિક અને કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે, જે બદલ કોન્ટ્રાકટરે ઈન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે અને જરૂરી વીમો લેવાનો રહેશે.

૭ કોન્ટ્રાકટરે તેનો પી.એફ.નંબર આપવાનો રહેશે અથવા રૂ. ૩૦૦/- નાં સ્ટેમ્પ્પ પેપર ઉપર કુલમુખત્યારનામું સરકારના માન્ય નોટરી દ્વારા રજુ કરવાનું રહશે.

૮ સરકારશ્રી દ્વારા "વાહન ભાડે રાખવા અંગે " ની "જીએસટી " બાબતે થયેલ ફેરફાર/સુધારાના જીએસટી-નોટીફીકેશન નંબર ૨૨/૨૦૧૯ તા ૩૦/૦૯/૨૦૧૯ મુજબ સદરહુ ટેક્ષ ચુકવણીની જવાબદારી "આરસીએમ કેટેગરી (રિવર્સ ચાર્જ મીકેનીઝમ )" તરીકે પીજીવીસીએલની રહે છે. જેથી કોન્ટ્રાકટરે / વાહન ભાડે આપનાર (કંપની સિવાય) એ પોતાના બીલમાં જીએસટી અંગે કોઇપણ પ્રકારનો ચાર્જ / કલેઈમ (દાવો)

કરવાનો રહેશે નહિ. તેમજ સરકારીશ્રી દ્વારા વખતોવખત કરવામાં આવતા વિવિધ પ્રકારના ટેક્ષમાં થતા ફેરફાર / સુધારા કોન્ટ્રાકટરે બંધનકર્તા રહેશે.

૯ કામગીરી સમગ્ર ગુજરાતમાં જયાં જણાવે તે પ્રમાણે કરવાની રહેશે.

૧૦ વાહનમાં પુરતું ડીઝલ તથા મુસાફરી દરમીયાન ડીઝલ / ટોલ ટેક્ષનાં નાંણા, રહેવા / જમવાના નાંણા ડ્રાઈવર પાસે હોવા જરૂરી છે.

૧૧ સામાન્ય રીતે કામગીરીનો સમય ચોવીસ કલાકનો જરૂરીયાત પ્રમાણે રહેશે. આ અંગે નીયમ અનુસાર (કામના કલાકો અનુલક્ષીને) વાહન માટે જરૂરીયાત મુજબના ડ્રાઇવરની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેની પાસે જરૂરી લાયસન્સ તથા બેઇઝ ધરાવતા હોવા જોઇએ. જેની પ્રમાણીત નકલ અત્રેની ઓફીસે રજુ કરવાની રહેશે. અને કોન્ટ્રાકટરે સમય દરમ્પ્યાન તે વેલીડ હોવું જોઈએ. અન્યથા કોઈપણ પ્રકારની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનાર ની રહેશે.

૧૨ વાહનના ડ્રાઈવરનો પગાર ખર્ચ, ભથ્થું તેમજ મોબાઇલ તમામ ખર્ચ કોન્ટ્રાકટરે જ ભોગવવાનો રહેશે. મોબાઇલ સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે. ડ્રાઇવરની ઉંમર ૪૦ વર્ષથી નીચી ઇચ્છનીય છે. ડ્રાઇવરે કોઇપણ જાતનો કેફી પદાર્થનું સેવન કરવાનું નથી તેમજ સાથે રાખવાનાં નથી જો અધિકારી અથવા અત્રેની ઓફીસને તેની જાણ થશે તો કોઈ પણ નોટીસ આપ્યા વિના આપનો ઓર્ડર રદ કરી અને આપે ભરેલ સક્યુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૩ વાહનનો ઉપયોગ ઓફીસરની સુચના પ્રમાણે કરવાનો રહેશે. ડ્રાઇવરે દરેક વ્યક્તિ સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે. ગેરવર્તનનો રીપોટ થયેથી તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાક્ટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૧૪ વાહન સંપૂણ પણે ચાલુ સ્થીતીમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનુ રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઇટમ જેમકે સ્પેર વિલ, જેક, વી-બેલ્ટ, ફયુઝ વગેરે રાખવાના રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦૦.૦૦ ની પેનેલ્ટી + GST અને સેસ પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાક્ટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૧૫ બહારગામ ચેકીંગ દરમીયાન અધિકારીની સુચના પ્રમાણે જે તે સમયે અને સ્થળે હાજર થવાનુ રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦.૦૦ પ્રતિ મોળા પડેલ મીનીટ (ન્યુનત્તમ રૂ. ૧૦૦.૦૦ અને મહત્તમ રૂ ૫૦૦.૦૦) ની પેનેલ્ટી + GST અને સેસ પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાક્ટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૧૬ બહારગામ ચેકીંગ દરમ્પ્યાન અચાનક વાહન બગડે તો કોન્ટ્રાકટરે પોતાના ખચે જે તે જગ્યાએ નવા વાહનની તાત્કાલીક વ્યવસ્થા કરી આપવાની રહેશે અને તે માટેની સુચના ડ્રાઈવરને આપવાની રહેશે.અને તે વાહન ટેક્ષી પાસીંગ ધરાવતું હોવું જોઈએ. તેમજ જરૂરી વીમો પોલ્યુશન સર્ટીફીકેટ ધરાવતું હોવું જોઇએ અને આ બાબતની સંપુણ જવાબદારી વાહન ભાડે આપનારની જ રહેશે.

૧૭ સંજોગોવશાત તમો કોઈપણ દિવસ માટે વાહન આપવામાં નિષ્ફળ જશો તો તે દિવસે તમારે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્યથા તમારા ખર્ચે અને જોખમે બજાર ભાવે વાહન ભાડે કરવામાં આવશે અને જે ખર્ચ તમારા ખાતે લગાડવામાં આવશે.

૧૮.કોઇપણ મુસાફરીની શરુઆત (કીલોમીટર) પોરબંદર ઓફીસથી અને મુસાફરીનો અંત (કીલોમીટર) પણ પોરબંદર સુધી ગણાશે.

૧૯ વાહનના ડીઝલ / બળતણ / લુબ્રીકન્ટસનો ખર્ચ અને તમામ પ્રકારનાં રીપેરીંગનો ખર્ચ કોન્ટ્રાકટરે

ભોગવવાનો રહેશે. ઓડરમાં દર્શાવેલ ચુકવણાથી વધારાનું કોઈ ચુકવણું કરવા પાત્ર રહેતું નથી.

૨૦ પ્રીન્ટેડ બીલ દર મહીને ત્રણ નકલમાં એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાનું રહેશે, પેમેન્ટ દર મહીને એકાઉન્ટ પેયી ચેકથી જ એડવાન્સ રસીદની સામે પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર દ્વારા કરવામાં આવશે.

૨૧ કોન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજેરોજ લખવાની રહેશે તથા જે તે અધિકારીની મુસાફરી માટે તેમાં કિલોમીટર રીડીંગ સાથે અધિકારીની સહી લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તેની ચાર નકલ દર માસે બિલ સાથે રજુ કરવાની રહેશે.

૨૨ વાહનની કિલોમીટર ચેઈન જે દિવસે બંધ હશે તેને તાત્કાલીક રીપેર કરી ચાલુ કરવાની રહેશે. અન્યથા અધિકારીના સર્ટીફીકેટ મુજબના કીલોમીટર માન્ય રહેશે.

૨૩. ટોલ ટેક્ષ પહોંચ રજુ કયે અલગથી ચુકવવામાં આવશે. ટોલ ટેક્ષની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવ્ડ કરાવવાનું રહેશે અને તેના નાંણા જે તે મહીનાના બીલ સાથે ઓરીજીનલ પહોંચ રજુ કરી માંગણી કરવાની રહેશે જે બીલ સાથે ચુકવી આપવામાં આવશે.

૨૪. ટેન્ડરમાં મંજુર થયેલ ભાવ ડીઝલનાં ૭૩.૦૦ રૂપીયા પ્રતિ લિટર મુજબના રહેશે. પ્રતિ માસની ૧લી તારીખનાં ડીઝિના ભાવ અને રૂ. ૭૩.૦૦ નાં તફાવત ની રકમનાં ૮ % લેખે પ્રતિ કીમીએ ચુકવવામાં / વસુલવામાં આવશે.

૨૫ ભાડાનું વાહન “પુલ સીસ્ટમ ” માં જુનિયર ઇજનેર (આઈ.સી સ્કવોડ) અથવા સક્ષમ અધિકારી દ્વારા ફાળવેલ અધિકારી હેઠળ રહેશે અને તેઓની સુચનાને જ અનુસરવાનું રહેશે.

૨૬ દરરોજના રીડીંગ વાહન ઇન ચાર્જ અધિકારીશ્રીને સંપુર્ણ વિગત સાથે રૂબરૂ આપવાના રહેશે.

૨૭ ટેન્ડર મંજુર થયે દિવસ-૩૦ માં વાહન પૂરું પાડવાનું રહેશે. અન્યથા કંપનીનાં નિયમાનુસાર EMD / Deposite જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

૨૮ ઓર્ડેર સમયમર્યાદા કોન્ટ્રાકટર કોઈપણ સંજોગોમાં વાહન પૂરૂ ન પાડતા ઓડર રદ કરશો તો કંપનીનાં નિયમાનુસાર EMD / Deposit જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

૨૯ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ દ્વારા ગમે ત્યારે નોટીસ આપ્યા સીવાય ઓર્ડેર રદ કરવામાં આવશે. જેનાં માટે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહીં.

૩૦ કોઇપણ મતભેદ ઉપસ્થીત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૩૧ IT / TDS સરકારના નિયમઅનુશાર કાપવામાં આવશે.

૩૨ કોન્ટ્રાકટરરે સદરહુ કામ અંગેની “એલઓએ ” મળ્યાનાં ૧૫ દિવસની મુદત દરમ્પ્યાન રૂ ૩૦૦/- નાં સ્ટેમ્પ્પ પેપર ઉપર પીજીવીસીએલ કંપનીનાં નિયત નમુના મુજબમાં સ્વખચે એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે.

૩૩. ન્યાયક્ષેત્ર પોરબંદર રહેશે.

૩૪ વાહનમાં જીપીઆરએસ સિસ્ટમ લગાડેલ હોવી ફરજીયાત છે. જીપીઆરએસ સિસ્ટમ કોન્ટ્રાકટરે સ્વ-ખર્ચે લગાડવાની રહેશે. દર મહીને જીપીઆરએસ સિસ્ટમનો કીલોમીટરનો રીપોર્ટ અને લોગ બુકના કીલોમીટર સાથે સરખાવી બીલ સાથે જોડવાની રહેશે.

૩૫. કંપનીને જયારે જરૂર હશે ત્યારે વાહન આપવામાં નહી આવે અથવાતો કામના કલાકો દરમ્યાન વાહન બંધ રહેશે તો બીજા વાહનની વ્યવસ્થા(તાત્કાલિક) વાહન ભાડે આપનારે કરવાની રહેશે અને વાહન ટેક્ષી પાસીંગ અને આર.ટી.ઓના નિયમોની પરીપૂર્ણતા સાથેનું હોવું જોઈએ જો તમારા દ્વારા વાહનની વ્યવસ્થા ન

થઈ શકે તો અન્ય વાહન જે ઉપયોગમાં લેવાશે તેનું ભાડુ વાહન આપનારના બીલમાંથી કાપી લેવામાં આવશે.બહારગામ વિઝીટ દરમ્યાન અચાનક વાહન બગડે તો પણ ઉપરોક્ત બાબતો લાગુ પડશે an ji kpn)ni kim vihn bhirgim le jvin n Yiy ti pN t (dvsi drÀyinn m)n)mm BiD b)l miY) kip) lvimi aivS.

**અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી (સ.અને ની)**
**પીજીવીસીએલ,વર્તુળ કચેરી,**
**પોરબંદર**

ટેન્ડરની ઉપરોક્ત બધી શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકરતા રહેશે.

કોન્ટ્રાકટરની સહી
તારીખ :-